Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૧૧૨૮૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૦/૦૭/૨૦૨૩
૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક /માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- ઉપરોક્ત પત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૯૦૨૨-૯૦૫૫

કમિશનર શાળાઓની કચેરી.
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન.
ગુ.રા.. ગાંધીનગર
તા.૦૭/૦૭/૨૦૨૩

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય : શાળામાં બાળકોના જોખમી ટ્રાન્સપોર્ટેશન બાબત.
સંદર્ભ : ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: GSCPCR/0029/06/2023, તા.૨૭/૬/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે. વિદ્યાર્થીઓના ટ્રાન્સપોર્ટેશન માટે વિવિધ વાહનોનો ઉપયોગ કરવામાં આવી રહેલ છે, જે ખૂબ જોખમી પ્રકારે થતું હોવાનું તેમજ તેને કારણે ઘણા જીવલેણ અકસ્માતો બનવા પામતા હોવાની બાબત આયોગના ધ્યાન પર આવેલ છે. જેથી આવા જોખમી ટ્રાન્સપોર્ટેશનને લીધે કોઈ ગંભીર ઘટનાઓ બનવા ન પામે અને વિદ્યાર્થીઓ અકસ્માતથી સુરક્ષિત રહે તે માટે આવા જોખમી ટ્રાન્સપોર્ટેશન માટે જવાબદાર શાળા, વાહનોના માલિકો, ટ્રાફિક કંટ્રોલ અધિકારીઓ સામે સત્વરે નિયમોનુસારની કાર્યવાહી કરવા તેમજ કરેલ કાર્યવાહીની વિગતો sec-gscpcr@gujarat.gov.in પર મોકલી આપવા આયોગ દ્વારા જણાવેલ છે.

ઉક્ત વિગત અન્વયે આ અંગે જાગૃતિ માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને જરૂરી સૂચના આપવા તેમજ સદર બાબતે આપની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી જરૂરી નિયમોનુસારની કામગીરી કરવા અને તે અંગેની વિગતો આયોગને ઉક્ત ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના :**
સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લૉક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.

3646

CPCR/0029/06/2023 Dt: 27-06-2023

Cos - પી.એસ.કાર્યાલય
તારીખ : ૨૮/૦૬/૨૦૨૩
નંબર : ૪૧૭

[illegible]
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ
બ્લોક નં ૧૮, ત્રીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તારીખ- ૨૭-૦૬-૨૦૨૩

પ્રતિ,

| | | |
|---|---|---|
| સર્વે ચેરમેન-કલેક્ટરશ્રી, જીલ્લા બાળ સુરક્ષા કલેક્ટર કચેરી, ગુજરાત રાજ્ય | સર્વે જીલ્લા પોલિસ અધિક્ષકશ્રી, પોલિસ અધિક્ષકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય | સર્વે પોલિસ કમિશ્નરશ્રી, પોલિસ કમિશ્નરશ્રીઓની કચેરી, ગુજરાત રાજ્ય |

વિષયઃ- શાળામાં બાળકોના જોખમી ટ્રાન્સપોર્ટેશન બાબત.

સંદર્ભઃ- સંદેશ તા-૨૩/૦૬/૨૦૨૩

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ટ્રાન્સપોર્ટેશન માટે વિવિધ વાહનોના ઉપયોગ કરવામાં આવી રહેલો છે. જે ખુબ જ જોખમી પ્રકારે થતુ હોવાનું તેમજ તેને કારણે ઘણા બધા જાન લેવા અકસ્માતો બનવા પામતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આ પ્રકારના ટ્રાન્સપોર્ટેશનમાં કુમળા બાળકોના જીવને ગંભીર જોખમ રહેલુ છે. જેવી રીતે વાન અને રિક્ષાઓમાં તેમજ અન્ય વાહનોમાં જોખમી ટ્રાન્સપોર્ટેશન થાય છે તે પણ ગેરકાયદેસર જ છે. આવા સમયે સરકારની જવાબદાર એજન્સીઓ તરીકે આપણે સહુએ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવી જોઇએ. જેથી કરીને ભવિષ્યમાં બાળકોને ગંભીર શારીરીક નુકશાન થતુ રોકી શકાય. રાજ્યના પ્રજાજનોમાં આ બાબતે જાગૃતિ આવે તેવા પ્રકારની ઝુંબેશ ચલાવવા, તેમજ આવા પ્રકારના જોખમી ટ્રાન્સપોર્ટેશન માટે જવાબદાર શાળા, વાહનોના માલિકો, ટ્રાફિક કંટ્રોલ અધિકારીઓને સામે સત્વરે નિયમાનુસારની કાર્યવાહી કરવા તેમજ કરેલ કાર્યવાહીની વિગતો અત્રેની કચેરીએ sec-gscpcr@gujarat.gov.in પર [illegible]

આપના વિશ્વાસુ,

સચિવ
ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ
ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ

નકલ રવાના યોગ્ય કાર્યવાહી કરવા સારૂ

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.......તમામ શિક્ષણાધિકારીશ્રીઓને આ બાબતે સત્વરે કાર્યવાહી કરવા જણાવવા તેમજ કરેલ કાર્યવાહીની વિગતો અત્રે sec-gscpcr@gujarat.gov.in પર કરવા સુચના આપવા બાબત.

(૨) નિયામકશ્રી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.......તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને આ બાબતે સત્વરે કાર્યવાહી કરવા જણાવવા તેમજ કરેલ કાર્યવાહીની વિગતો અત્રે sec-gscpcr@gujarat.gov.in પર કરવા સુચના આપવા બાબત.

D.E., 27.6.23
J.D. Secondary

27/6/2023

(P.T.O.)

Signature Not Verified
Signed by: G P Patel
Secretary
Date: 2023.06.27

File No: GSCPCR/gnl/e-file/400/2023/0098/Registry
Approved By: G P Patel(Secretary,GSCPCR)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

# વર્ષોથી યથાવત્ રહેલી બાળકોની આ હાલાકી ક્યારે બંધ થશે





નવી શિક્ષણ નીતિ, ભાર વિનાનું ભણતર, વિદ્યાર્થી કેન્દ્રીત શિક્ષણ જેવા નીત નવા નુસખા કેટલાય વર્ષોથી વાલીઓના કાને અથડાતાં રહ્યાં છે. સરકાર કોઈપણ પક્ષની હોય પણ નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં વેંત રિક્ષામાં ઘેટાં-બકરાંની જેમ ભરેલા, ડ્રાઈવરના ખોળામાં, બંને બાજુ અને પાછળ પગ લટકાવી સ્કૂલે જતા કે ઘરે પરત ફરતા બાળકોની આ તસવીર માત્ર અમદાવાદમાં જ નહીં પરંતુ દરેક મહાનગરમાં વર્ષોથી યથાવત રહી છે. શા માટે આમાં કોઈ જ સકારાત્મક પરિવર્તન નથી આવતું? શા માટે એકપણ નીતિથી આમાં ફેર નથી પડતો? માત્ર સરકારને જ નહીં પરંતુ સરકારની રચના માટે જવાબદાર મતદાર નાગરિકો તરીકે આપણા માટે પણ આ શરમજનક સવાલ છે. જેનો જવાબ હજુ સુધી મળતો નથી